# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩ પરીણામ જાહેરનામું"**

**"(Special Educator) Special Teacher Eligibility Test-II (Sp.TET-II)-2023 Result Notification"**

જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/Sp.TET-II/૨૦૨૩/૯૫૬૨-૯૬૫૨ તા:03/૦૭/૨૦૨૩

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલ નં.૧/૨૦૨૩ના અનુસંધાને શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સીસી-૬૮૭/ક તા. ૧૩-૦૨-૨૦૨૩થી સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટેના ખાસ શિક્ષકોની જગ્યા(CP, H.I./S.I., M.D, SLD, I.D/M.R., T.B/ L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી) માટે TET પરીક્ષા આયોજિત કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને સુચના આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત પત્રની વિગતે ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II યોજવા માટે પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડના તા:૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬ તેમજ તા.૨૮/૦૨/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૨૩૬૬-૨૪૫૧ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૨૫/૦૫/૨૦૨૩ (ગુરુવાર) ના રોજ બપોરે ૦૪.૦૦ કલાક થી ૦૬.૦૦ કલાક દરમિયાન અમદાવાદ શહેર ખાતે **(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩**નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ વિદ્યાર્થીઓની OMR કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૩૧/૦૫/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઓનલાઈન પોર્ટલ પર તા.૦૧/૦૬/૨૦૨૩ થી તા.૦૬/૦૬/૨૦૨૩ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેનીના પોર્ટલ https://teiox.com/Sp.TET-II/ પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઈ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.03/૦૭/૨૦૨૩ (સોમવાર) ના રોજ **"(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩**નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

❖ <u>પરીણામની વિગતો:</u>

**Sp.TET-II Result**

| Register | Absent | Present | Not Qualified | Qualified | Result (%) |
|---|---|---|---|---|---|
| 2034 | 231 | 1803 | 1665 | 138 | 7.65 |

❖ <u>અગત્યની સૂચનાઓ:</u>

- શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક મુજબ "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩ માં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections-EWS)ના ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બન્નેમાં મળી ઓછામાં ઓછા ૫૫% (૮૨ ગુણ) મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે. અન્ય ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બન્નેમાં મળી ઓછામાં ઓછા ૬૦% (૯૦ ગુણ) મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૦૫/૦૭/૨૦૨૩ થી તા:૧૫/૦૭/૨૦૨૩ દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે તા:૧૫/૦૭/૨૦૨૩ બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- પાસ થયેલ ઉમેદવારોને આગળની પ્રકિયા માટે શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અત્રેની વેબસાઈટ <u>http://www.sebexam.org</u> પર જણાવવામાં આવશે.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

સ્થળ: ગાંધીનગર

તા.03/0૭/૨૦૨૩

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- DEO શ્રી, DPEO શ્રી તેમજ શાસનાધિકારી તમામ.

ઉમેદવારનું નામ:-............................................. બેઠક નંબર:-.........................................

પરીક્ષાનો જિલ્લો:-............................................ પ્રશ્ન પુસ્તિકા નંબર:-...............................

પરીક્ષા કેન્દ્રનું નામ :-........................................ પ્રશ્ન પુસ્તિકા કેટેગરી(A, B, C, D):-..................

બ્લોક નંબર:-...................................................

મોબાઈલ નં.:-...................................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય સામે,

સેક્ટર-૨૧, ગાંધીનગર

વિષય:- Sp.TET-II પરીક્ષાની OMR Sheetની પુન:ચકાસણી કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૫/૦૫/૨૦૨૩ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા.03/0૭/૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ....... ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને......ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:03/0૭/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/Sp.TET-II/૨૦૨૩/૯૫૬૨-૯૬૫૨ માં સૂચવ્યા મુજબ Sp.TET-II પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા.................. ના રોજ પહોંચનં. ........................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી Sp.TET-II પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

................................

(ઉમેદવારની સહી.)

બિડાણ ૧.હોલટીકીટ ની નકલ

૨.OMR Sheetની નકલ

- **OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:**(નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુન:ચકાસણી બાદ ભરવાની રહેશે.)

..........................................................................................................................................

તા:-............................ ઉમેદવારની સહી................................

સ્થળ:- ગાંધીનગર.